શહેરમાં જિલ્લા કક્ષા નવરાત્રી રાસ-ગરબા સ્પર્ધા યોજાઈ

પ્રાચીન - અર્વાચીન ગરબામાં પનઘટ અને રાસમાં સુંદરમ્ કલાવૃંદ પ્રથમ

ગાંધીનગર, તા. ૧૮

જિલ્લા યુવા વિકાસ અધિકારી કચેરી ગાંધીનગર દ્વારા સંચાલિત યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગર પ્રેરિત ગાંધીનગર શહેર/ગ્રામ્યની જિલ્લાકક્ષા નવરાત્રી રાસ ગરબા સ્પર્ધા સે. ૧૭ સ્થિત ટાઉનહોલ ખાતે યોજાઈ હતી. જેમાં શહેર તથા ગ્રામ્યના વિવિધ ગૃપ દ્વારા ગરબા અને રાસ રજૂ કરવામાં આવ્યા હતા.

જિલ્લા કક્ષા નવરાત્રી રાસ-ગરબા સ્પર્ધામાં ગાંધીનગર ગ્રામ્ય તથા શહેરમાંથી વિવિધ યુવાનો દ્વારા રાસ અને ગરબામાં ભાગ લેવામાં આવ્યો હતો. સંસ્કૃતિને અનુકૂળ પોશાક સાથે ચપટી ભરી ચોખા, માડી તારા મંદિરની શોભા અપાર, ગોકુળ આવો ગીરધારી, ભર્યા સરોવર, કાન્હાની માયા લાગી રે જેવા રાસ-ગરબા ઉપર ખેલૈયાઓ જુમી ઉઠ્યા હતા.

ગ્રામ્યકક્ષાએ પ્રાચીન ગરબા સ્પર્ધામાં પ્રથમ ક્રમે ઓમલેન્ડ માર્ક સ્કૂલ, રાસમાં પ્રથમ ક્રમે સુંદર કલ્ચરલ ગૃપ ઓફ પર્ફોર્મીંગ આર્ટ, અર્વાચીન અને પ્રાચીન ગરબામાં પ્રથમ ક્રમે પનઘટ કલા કેન્દ્ર વિજેતા બન્યા હતા. પ્રથમ નંબરે વિજેતા ટીમ/સંસ્થા આગળ રાજ્યકક્ષાની સ્પર્ધામાં રાજકોટ જિલ્લા ખાતે ભાગ લેશે. કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે આશાબેન સરવૈયા, જગતસિંહ ઝાલા તથા શીતલબેન બારોટે ફરજ બજાવી હતી તથા જિલ્લા યુવા વિકાસ અધિકારી તેજલબા ચૌહાણ તથા પ્રાંત યુવા વિકાસ અધિકારી જય જોષી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

તારી દિકરીને દોઢીયું પોપટીયું શીખવવાવાળા ક્લાસમાં મોકલતા વિચાર કરજે... ગઇ સાલ મારી દિકરીએ એમાંથી જ પોપટ જેવા છોકરાને શોધી પરણી ગઈ.... !!

રાજ્યવ્યાપી ભરતી મેળા પખવાડિયાનો મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ગાંધીનગરથી કરાવશે પ્રારંભ

૨૬ નવા આઇ.ટી.આઇ. ભવનનું ઇ-લોકાર્પણ, મોબાઇલ એપ્લીકેશનનું લોન્ચીંગ તથા શુભેચ્છાપત્રો એનાયત કરાશે

રાજ્યના યુવાઓને રોજગારી પૂરી પાડવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે ત્યારે યુવાઓ માટે રાજ્યવ્યાપી ભરતી મેળા પખવાડિયાનું આયોજન કરાયું છે. જેનો શુભારંભ આજે મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી કરાવશે એમ, શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા જણાવાયું છે.

શ્રમ અને રોજગાર મંત્રી દિલીપકુમાર ઠાકોરની ઉપસ્થિતિમાં યોજાનાર આ સમારોહ આજે તા. ૧૯ સપ્ટેમ્બરના રોજ સવારે ૧૧.૦૦ કલાકે દ્વારકા હૉલ, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર ખાતે યોજાશે.

આ વેળાએ મહાનુભાવોના હસ્તે નવનિર્મિત નવીન ૨૬ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓનો ઇ-લોકાર્પણ સમારોહ યોજાશે તથા મુખ્યમંત્રી આઇ.ટી.આઇ.ના તાલીમાર્થીઓ સાથે સંવાદ પણ કરશે.

શ્રમ નિયામક કચેરી હસ્તકની 'SIMPLE' અને નિયામક ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની 'SACHET' મોબાઇલ એપ્લીકેશનનું લોન્ચીંગ પણ કરાશે. ઉપરાંત રોજગાર અને તાલીમ ખાતામાં નિયુક્તિ પામેલ આચાર્ય વર્ગ-રના યુવાઓને શુભેચ્છાપત્ર એનાયત કરાશે. આઇ.ટી.આઇ.ની સુવિધા સહયોગ બદલ ઉદ્યોગ ગૃહોમાં પ્રશસ્તિપત્ર તથા આઇ.આઇ.ટી.માં તાલીમ માટે પસંદગી થવા બદલ પણ પ્રશસ્તિપત્ર એનાયત કરાશે એમ વધુમાં જણાવાયું છે.

શેરી-ગરબાના આયોજનો સાથે નવલી નવરાત્રીને આવકારવા સજ્જ બની રહેલા સેક્ટરના શેરી ચોક

શહેરની વસાહતો અને ગુડા વિસ્તારની સોસાયટીઓમાં નવરાત્રી સમિતિની બેઠકોનો ધમધમાટ : સાઉન્ડ-લાઈટ-મંડપ અને સજાવટની સામગ્રીની ખરીદીના આયોજનો

ગાંધીનગર, તા. ૧૮

શહેરમાં ધીમા પગલે મા જગદંબા પધારી રહ્યાં હોય તેવા એંધાણ વર્તાઈ રહ્યાં છે અને નવરાત્રીના પવિત્ર તહેવાર જેમ જેમ ઢુકડે આવી રહ્યો છે તેમ તેમ તેની તૈયારીઓનો ધમધમાટ વેગ પકડી રહ્યો છે. શહેરમાં શેરી ગરબાનુ મહત્વ પહેલેથી આગવું રહ્યું છે અને શહેરની આસપાસ વિકસેલા ન્યુ ગાંધીનગરની સોસાયટીઓમાં પણ હવે એટલા જ ભાવથી અને એટલા જ ઉમંગથી શેરી ગરબાના પરંપરાગત આયોજનો થતા જોવા મળે છે. આ વર્ષે પણ શહેરના શેરી ગરબાના આયોજકો દ્વારા કમર કસવામાં આવી છે અને નવલી નવરાત્રીનું આયોજન પાર પાડવા બેઠકો યોજાઈ રહી છે.

શહેરના જુના સેક્ટરો હોય કે નવા સેક્ટરો દરેકમાં નવરાત્રીમાં શેરી ગરબાના આયોજનો કરવામાં આવે છે, અનેક સેક્ટરોમાં તો વિવિધ ચોકઠાંમાં પણ અલગ અલગ નાના-મોટા શેરી ગરબા યોજાય છે. સેક્ટર-૨૨માં યોજાતા પરંપરાગત શેરી ગરબાને માણવા આસપાસના ગ્રામ્ય વિસ્તારમાંથી પણ માવન મહેરામણ ઉમટે છે જ્યારે સેક્ટર-૨૭, સેક્ટર-૧૩, સેક્ટર-૪, સેક્ટર-૫, સેક્ટર-૩ કે સેક્ટર-૭માં યોજાતા ગરબા પણ આગવુ મહત્વ ધરાવે છે. તેજ રીતે શહેરના કુડાસણ, રાયસણ, સરગાસણ ચાર રસ્તા કે વાવોલ-પેથાપુર વગેરે વિસ્તારોમાં નવ નિર્મિત સોસાયટીઓમાં પણ ઉત્સાહપૂર્વક નવરાત્રીનું આયોજન કરવામાં આવે છે. આ શેરી ગરબાના આયોજનની તૈયારીઓ માટે હાલ સોસાયટીઓમાં નવરાત્રી સમિતિના ગઠન, હોદ્દેદારોની વરણી, સ્વયંસેવકો સહિત હોદ્દેદારોને જવાબદારીની સોંપણી જેવા કાર્યો માટે મિટીંગોનો દૌર શરૂ થઈ ગયો છે.

રાત્રીના સમયે મોટે ભાગે નવરાત્રી ચોકમાં જ આ બેઠકો યોજાઈ રહી છે જેમાં લાઈટીંગ, મંડપ, ડેકોરેશન, દાંડિયાની ખરીદી, સાઉન્ડ તથા સજાવટને લગતી સામગ્રીની ખરીદી પ્રસાદ-પૂજાપાની ખરીદી, દાતાઓ કે સ્પોન્સર્સની યાદી તૈયાર કરવી, બેનર્સ પ્રિન્ટિંગ, બજેટીંગ જેવા મુદ્દાઓ અંગે ચર્ચા-વિચારણા હાથ ધરવામાં આવી રહી છે. માતાજીના મંદિરથી માંડીને મંડપ વગેરે સુધીની તમામ આઈટમોના લિસ્ટ બનાવાઈ રહ્યાં છે અને તેના ખર્ચના એસ્ટિમેટ કાઢવામાં આવી રહ્યાં છે. ટૂંકમાં ધીમે ધીમે સમગ્ર ગાંધીનગર નવલી નવરાત્રીને આવકારવા સજ્જ થઈ રહ્યું છે.

શેરી ગરબામાં સમૂહ નાસ્તાનું આકર્ષણ અનેરૂ..!!

શેરી ગરબામાં લાઈટ, સાઉન્ડ, મંડપ અને સજાવટ વગેરે ઉપરાંત એક અગત્યનું આકર્ષણ ગરબા પછી દરરોજ અલગ અલગ પ્રકારના સમૂહ નાસ્તાનું જોવા મળે છે. ગરબા પત્યાં બાદ અથવા ગરબા અને રાસની વચ્ચે લેવામાં આવતા બ્રેક દરમ્યાન સોસાયટી કે વસાહતના રહીશો સમૂહ નાસ્તો કરે છે. આ માટે કેટલાક આયોજકો રસોયા કે કેટરર્સને ઉચ્ચક ઓર્ડર પણ આપતા હોય છે અથવા અગાઉથી નોરતાવાઈઝ લિસ્ટ બનાવી વિવિધ જગ્યાએ ઓડર્સ આપી દેવાય છે જેની તૈયારીઓ અંગે પણ નવરાત્રી સમિતિની બેઠકોમાં ચર્ચા કરવામાં આવી રહી છે.

તાજેતરમાં જ ભારતના વડાપ્રધાને જાહેર કર્યુ છે કે વર્ષ ૨૦૨૨ સુધીમાં ભારત પાંચ ટ્રિલિયન ડૉલરનું અર્થતંત્ર બનીને વિશ્વમાં મહત્વનું સ્થાન પ્રાપ્ત કરશે. વિશ્વના સૌથી ઝડપથી વિકસતા અર્થતંત્રમાં સ્થાન ધરાવતા આ દેશમાં એક વરવી હકીકત એવી પણ છે કે દરરોજ કરોડો નાગરિકો એવા છે કે જે ભૂખ્યાં પેટે સુવે છે એટલે કે તેમને બે ટંક પુરતુ ભોજન પણ પ્રાપ્ત થતું નથી. જ્યારે અનેક નાગરિકો અન્નનો બગાડ કરી રહ્યાં છે. જાહેર સમારંભોમાં અન્નના બગાડ સાથે સ્વચ્છતાની જાળવણીનો વિવેક પણ ચુકી જતા હોય છે તેનું તાજુ ઉદાહરણ આ તસવીર છે. જે ગાંધીનગરના ટાઉનહોલ ખાતે યોજાયેલા એક સમારંભના ભોજન કાર્યક્રમ બાદ બગાડેલા અન્ન સાથેની "ડિસ્પોઝેબલ પ્લેટ્સ" કચરાપેટીની બહાર ફેંકી દેવામાં આવી હતી.

સે. ૪માં ઈકો સ્પોર્ટસ કારની ટક્કરે ૬૦ વર્ષીય વડીલનું મૃત્યુ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરના સે. ૪-સીના આંતરીક માર્ગ પર હીટ એન્ડ રનની ઘટના બનવા પામી છે. સે. ૪ ખાતે સાંજના સુમારે સાયકલ લઈને જતા વડીલને ઈકો કારના ચાલકે પાછળથી ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો. આ બનાવમાં સાઈકલ ચાલક વડીલ માર્ગ પર પટકાતા સરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ.

પ્રાપ્ત માહિતી મુજબ શહેરના સેક્ટર-૪-સીના આંતરીક માર્ગ પર સાંજના સુમારે સાઈકલ લઈને નીકળેલા રહીમભાઈ ઈબ્રાહીમભાઈ મન્સુરી (ઉ.વ.૬૦) પ્લોટ નં. ૬૫૭/૨, સે. ૪-સી) ઘરેથી થોડાક અંતરે સેક્ટરના રીંગરોડ પર ગયા ત્યાં પાછળથી જીજે.૧૮.બીએફ.૨૩૦૦ ઈકો સ્પોર્ટસ ગાડીના ચાલકે સાઈકલને પાછળથી ટક્કર મારી હતી. જેથી માર્ગ પર પટકાયેલા સાઈકલ ચાલક વડીલને શરીરે ઈજાઓ પહોંચી હતી.

અકસ્માતને પગલે દોડી આવેલા વસાહતીઓએ ૧૦૮ દ્વારા સિવિલ સારવાર અર્થે મોકલી આપ્યા હતા. જ્યાં વડીલનું મૃત્યુ થયુ હતુ. ઉલ્લેખનીય છે કે સાઈકલને ટક્કર મારી ભાગી છુટેલા કારચાલકે અન્ય બે એક્ટીવા ચાલક તે પણ ટક્કર મારી હતી. પરંતુ સદનસીબે તેમને કોઈ ઈજા પહોંચી ન હતી.

નિરમા યુનિવર્સિટીમાં 'પ્રવેગ-૨૦૧૯' યોજાયો

ગાંધીનગર, તા. ૧૮

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું કે, દેશના યુવાનો ભારતનું ગૌરવ અને ભવિષ્ય છે ત્યારે દેશના વિકાસમાં યુવાનોનું યોગદાન મહત્વપૂર્ણ છે.

નિરમા યુનિવર્સિટીમાં આયોજીત 'પ્રવેગ-૨૦૧૯' કાર્યક્રમને રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ ખુલ્યો મુક્યો હતો. 'પ્રવેગ-૨૦૧૯' કાર્યક્રમ તજજ્ઞોની પ્રવૃતિઓને વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવાની પ્રવૃતિ કરે છે. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, ઈન્ડિયન નેવી અને નેશનલ સિક્યુરિટી ગાર્ડના સહયોગથી નિરમા યુનિવર્સિટીમાં 'પ્રવેગ-૨૦૧૯'નું આયોજન કરવામાં આવી રહ્યું છે. આજના વિદ્યાર્થીઓ સાયન્સ અને ટેક્નોલોજીના ક્ષેત્રમાં આગળ વધે તે આજના સમયની જરૂરિયાત છે.

'પ્રવેગ-૨૦૧૯'માં ઈન્ડિયન નેવી અને નેશનલ સિક્યુરિટી ગાર્ડ દ્વારા આયોજીત પ્રદર્શનની રાજ્યપાલશ્રીએ મુલાકાત લીધી હતી. આ પ્રસંગે નિરમા યુનિવર્સિટીના પ્રેસિડન્ટ ડૉ. કરસનભાઈ પટેલ, વીએસએમ, કમાન્ડિંગ ઓફિસર કોમોડોર સી. રઘુરામ, નિરમા યુનિવર્સિટીના વાઈસ પ્રેસિડન્ટ કે.કે. પટેલ, નિરમા યુનિવર્સિટીના ડિરેક્ટર અનુપસિંહ અને ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલોજીના ડિરેક્ટર ડૉ. અલકા મહાજન સહિત વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ડેપ્યુટી મેયરે ગરીબ બાળકોને વિન્ટેજ કારની સવારી કરાવી

ગુજરાતના પનોતા પુત્ર અને ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિનને દેશભરમાં ઉત્સવની જેમ ઉજવવામાં આવ્યો હતો. વડાપ્રધાનના ગૃહ રાજ્ય ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં પણ શહેરના ડે. મેયર નાજાભાઈ ઘાંઘર દ્વારા અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શહેરના મા-બાપ વિહોણા બાળકોને વિન્ટેજ કારની સવારીની મોજ કરાવી હતી. આ ઉપરાંત શહેરની સેવાવસ્તીમાં વસતા બાળકોને શૈક્ષણિક તેમજ જીવનજરૂરી ચીજવસ્તુઓની કીટનું વિતરણ કરાયું હતું.

જગદીશ અબોટી બ્રહ્મસમાજનું ૧૧મું સ્નેહમિલન હેલ્થ એન્ડ કેર ફાઉન્ડેશન ખાતે યોજાયું હતું. જેમાં સમાજના અમદાવાદ અને ગાંધીનગરમાં વસતા સભ્યોના ધો-૧ થી સ્નાતક કક્ષાએ ઉત્તમ પરિણામ લાવનાર બાળકોને સન્માનિત કરવામાં આવ્યા હતા. ધો-૧ થી ૧૦ સુધીના બાળકો વચ્ચે ચિત્ર સ્પર્ધા યોજાઈ હતી તથા બાળકો દ્વારા ભારતીય સંસ્કૃતિ આધારિત ગીત સંગીતની રજૂઆત કરવામાં આવી હતી. કાર્યક્રમમાં સુપ્રસિધ્ધ ભાગવત કથાકાર ડૉ. મહાદેવપ્રસાદ મહેતા હાજર રહ્યા હતા.

લીંબડીયા ખાતે નર્મદા નીરના વધામણા

ગાંધીનગર તાલુકાના લીંબડીયા ગામે નર્મદા કેનાલ ઉપર વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં નમામિ દેવી નર્મદે મહોત્સવ-૨૦૧૯ અંતર્ગત પ્રાથમિક શાળાની બાલિકાઓ માથે કળશ મુકીને વાજતેગાજતે નર્મદા નીરના વધામણા કાર્યક્રમમાં મહાઆરતી દ્વારા પૂજનવિધિ કરવામાં આવી હતી. આ પ્રસંગે સ્વચ્છતા અભિયાન અંતર્ગત સફાઈ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વિશિષ્ટ રીતે પ્લાસ્ટિક મુક્ત ભારત બનાવવા બાળકોએ જનજાગૃતિ રેલી યોજી હતી. ત્યારબાદ સાંસ્કૃતિક કાર્યક્રમ સહિત બાળકોએ જળ એજ જીવન, પાણી બચાવો, પ્રદૂષણ અને પ્લાસ્ટિક મુક્ત ભારત વિશે વક્તવ્ય રજૂ કર્યા હતા. આ પ્રસંગે બાળકો તથા ગ્રામજનોએ પ્લાસ્ટિક મુક્ત અને પાણી બચાવો અંગે શપથ લીધા હતા. ગામના સરપંચ હર્ષદભાઈ પટેલે ઉદબોધનમાં લીંબડીયા ગામમાં જળસંચય અંતર્ગત ગામના મુખ્ય ચાર તળાવોને પ્લાનીંગ અને પદ્ધતિસર ઊંડા કરી વરસાદી પાણીનો સંગ્રહ કરી પાણી બચાવો અંગે સુંદર માહિતી આપી હતી.

આ પ્રસંગે તાલુકા વિકાસ અધિકારી ડેપ્યુટી તાલુકા અધિકારી જગતસિંહ, જિલ્લા શિક્ષણ વિભાગમાંથી ચિલોડા પ્રાથમિક શાળાના આચાર્ય હર્ષદભાઈ પટેલ, શાળાના આચાર્ય નિરંજનાબેન પટેલ, શાળા પરિવાર, વલાદ ગામના તલાટી રાજુભાઈ, ગ્રામ પંચાયતના સભ્યો, ગામના આગેવાનો વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશનની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૧૮

ડેમોક્રેટિક પિપલ્સ એસોસીએશન ગુજરાત ગાંધીનગરની કારોબારી સમિતિની બેઠક તારીખ ૨૦ સપ્ટેમ્બરના રોજ સાંજના ૪.૩૦ કલાકે સંસ્થાના મંત્રીના નિવાસસ્થાન એન.એસ. જાદવ સેક્ટર-૪-એ ખાતે મળશે. તમામ કારોબારી સભ્યશ્રીઓને ઉપસ્થિત રહેવા સંસ્થાના મહામંત્રી દ્વારા જણાવાયું છે.

સે-૭-ડી નિવૃત્ત સરકારી અધિકારી મંડળ દ્વારા અમૃત મહોત્સવ સન્માન

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર નિવૃત્ત સરકારી અધિકારી મંડળ સેક્ટર-૭-ડી અને ગાંધીનગર શહેરીજન સંસ્થા સેક્ટર-૭-ડીના સંયુકત ઉપક્રમે આગામી માસમાં અમૃત મહોત્સવ સન્માન તેમજ તેજસ્વી તારલાઓને ઈનામ પુરસ્કાર આપવાનો કાર્યક્રમ યોજાનાર છે. માર્કશીટ મોકલવાની છેલ્લી તારીખ ૩૦મી સપ્ટેમ્બર છે. જેમાં કુટુંબના વડાશ્રીનું નામ, વિદ્યાર્થીનું નામ, પિતા-માતા કે પાલક વાલીનું નામ, આજીવન સભ્ય ક્રમાંક, તેમજ ટેલિફોન નંબર માર્કશીટની પાછળ લખી સેક્ટર-૭-ડીના પદાધિકારીઓના ત્યાં પહોંચાડવા જણાવાયું છે. તેમજ વધુ માહિતી માટે સુમંતભાઈ પ્રમુખ, પ્લોટ નં. ૧૨૫૫/૧ મો. ૯૫૧૦૯૯૪૮૨૭ તથા કાર્યકારી પ્રમુખ ભુપતભાઈ ભૂતડીયા પ્લોટ નં. ૧૨૦૭/૧, મો. ૯૮૨૪૩ ૩૮૨૬૫૦નો સંપર્ક કરવા જણાવાયું છે.

આજે પણ મનપાએ પ્લાસ્ટીક વિરોધી ઝુંબેશ કરી, ૬ને ૩ હજારનો દંડ

ગાંધીનગર, તા. ૧૮

સ્વચ્છતા એ જ સેવા અભિયાન અંતર્ગત ગાંધીનગર મનપા દ્વારા સિંગલ યુઝ પ્લાસ્ટીક સામેની ઝુંબેશમાં આજે વધુ ૬ ઈસમોને ચલાન આપી ૨૧ કિ.ગ્રા. સીંગલ યુઝ પ્લાસ્ટીક જપ્ત કરી કુલ ૩ હજાર રૂ.નો દંડ વસુલવામાં આવ્યો છે.

મનપા દ્વારા ગત સપ્તાહથી આ અંગેની ઝુંબેશ શરૂ કરવામાં આવી છે અને ૨જી ઓક્ટો. પ્લાસ્ટીક મુક્ત રાજ્યની ઘોષણા પ્રધાનમંત્રી મોદી દ્વારા થવાની છે. તંત્ર દ્વારા આ ઝુંબેશ સઘન અભિયાનરૂપે હાથ ધરવામાં આવી છે.

મનપા દ્વારા હાથ ધરેયાલ આ અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં રૂ. ૯૦ હજાર જેટલો દંડ વસુલવામાં આવ્યો છે. ગત સપ્તાહે તંત્રની ટીમો રાત્રિના સમયે યોજાતા ખાણી-પીણીના બજારો પર પણ ત્રાટકી હતી જે નોંધનીય છે. ૧૨મી સપ્ટેમ્બરથી આ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. અત્યાર સુધીમાં તંત્રએ ૬૦૦ કિલો જેટલુ પ્લાસ્ટીક જપ્ત કરેલ છે.

ટુંકી જાહેર નિવિદા : ૦૨/૨૦૧૯-૨૦

ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ

(ગુજરાત સરકાર સ્થાપિત ઉપક્રમ)

ઉદ્યોગ ભવન, બ્લોક નં.૪, ત્રીજો માળ, ઘ-રોડ, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૭
ફોન નં. ૨૩૨૫૦૬૩૨, ૩૪ થી ૨૩૨૫૦૬૩૭ ● ફેક્સ નં. ૨૩૨૫૦૭૦૭

(૧) નિગમની ઉદ્યોગ ભવન, ગાંધીનગર ખાતેની વડી કચેરીએ અથવા ગાંધીનગર ખાતે કોઈપણ સ્થાને ચાર્જ સંભાળતા ઈજનેરના દિશાસુચન મુજબ ઓનલાઈન યુ.પી.એસ. અને યુ.પી.એસ. માટે બેટરી બેંક વિવિધ ક્ષમતાવાળા અને પ્રકારના તદ્દન નવા ઈલેક્ટ્રો-મિકેનિકલ સાધનસામગ્રી માટે પુરા પાડવા, સ્થાપના અને કાર્યરત કરી આપવા સાથેના કામના વાર્ષિક કરાર બાબતે અનુભવી વિક્રેતા / ઈજારદાર પાસેથી સીલબંધ કવર માટેના ટેન્ડરો બાબત.

આ કામોની અંદાજીત રકમ અનુક્રમે	રૂ. ૧,૯૬,૦૪૧/- છે.
ઈ.એમ.ડી.ની રકમ	રૂ. ૧૯૬૧/-
ટેન્ડર ફી	રૂ. ૬૦૦/- + રૂ. ૧૦૮ (જી.એસ.ટી. ૧૮%) = રૂ. ૭૦૮/-

આ અંગેના કોરા ટેન્ડરો ઈસ્યુ કરવાની છેલ્લી તારીખ : ૧૮/૯/૨૦૧૯ થી ૨૫/૯૨૦૧૯ (રજાના દિવસ સિવાય) સુધી સવારે ૧૧.૦૦ થી ૧૫.૩૦ કલાક દરમિયાન

ભાવ ભરેલ ટેન્ડરો સ્વીકારવાની છેલ્લી તા. ૨૭/૯/૨૦૧૯ના રોજ ૧૮.૦૦ કલાક સુધીની રહેશે.

ભાવ ભરેલ ટેન્ડરો ખોલવાની છેલ્લી તા. ૩૦/૯/૨૦૧૯ના રોજ ૧૨.૦૦ કલાકે રહેશે.

અનુ.નં. ૧ ટેન્ડર માટેના જરૂરી દસ્તાવેજો જેવા કે, જી.એસ.ટી. રજીસ્ટ્રેશનનું પ્રમાણપત્ર, પી.એફ.ઓ.નું માન્ય રજીસ્ટ્રેશન અને અદ્યતન ચલણ, ઈ-૨ કક્ષાનું ઈલેક્ટ્રીકલ વીંગ રજીસ્ટ્રેશન અને ઈજારદાર તરીકેનું માન્ય લાઈસન્સ અને પાનકાર્ડ, અદ્યતન આવકવેરા રીટર્ન, વાર્ષિક રૂ. ૧,૯૬,૦૪૧/- કે તેથી વધુ ટર્નઓવરનું પાછલા પાંચ વર્ષનું સી.એ. સર્ટીફિકેટ તથા આવા જ કામના ઓછામાં ઓછા ૫ વર્ષના સમાન પ્રકારના કામનો અનુભવના પુરાવા જેમાંથી એક એવું જ કામ કે જેની રકમ રૂ. ૭૮,૪૧૬/- જેટલી અથવા તેનાથી વધુ હોવી જોઈએ. તેમજ રૂ. ૩૯,૨૦૮/૦ કે તેથી વધુની ચાલુ વર્ષની રાષ્ટ્રીયકૃત બેંકની સોલવન્સી રજૂ કર્યેથી અધિક્ષક ઈજનેરશ્રી (યાં/વિ),ની ઉક્ત સ્થળે આવેલ કચેરીએથી આપવામાં આવશે.

ઉક્ત ટેન્ડરો ફક્ત રજીસ્ટર એ.ડી. / સ્પીડ પોસ્ટથી સીલબંધ કવરમાં જ સ્વીકારવામાં આવશે. વધુ માહિતી માટે વેબસાઈટ www.gidc.gov.in અને www.statetenders.com પરથી તેમજ ઉપરોક્ત સરનામે કચેરીનો સંપર્ક સાધવાથી મળી શકશે.

અધિક્ષક ઈજનેર (યાં/વિ.)
જીઆઈડીસી, ગાંધીનગર

માહિતી/૧૧૦૭/૧૯-૨૦